## ‘ફિટ ઇન્ડિયા-સન્ડે ઓન સાયકલિંગ’ સાયક્લોથોન યોજાઈ



‘નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત’ના સંદેશ સાથે સુરતના વરાછા વિસ્તારમાં રવિવારે ‘ફિટ ઇન્ડિયા-સન્ડે ઓન સાયકલિંગ’ અંતર્ગત ૮૯મી સાયક્લોથોન યોજાઈ હતી. કેન્દ્રીય રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયા અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ માનગઢ ચોક ખાતેથી ફ્લેગ ઓફ કરી સાયકલોથોનનો પ્રારંભ કરાવ્યો હતો. સાયક્લોથોનમાં મોટી સંખ્યામાં યુવાનો અને શહેરીજનો સાયકલ સાથે જોડાયા હતા. રેલી માનગઢ ચોકથી શરૂ થઈ સરથાણા જકાતનાકા સ્થિત પ્રાણીસંગ્રહાલય ખાતે પૂર્ણ થઈ હતી. **(તસવીરઃ સતીષ જાદવ)**

# ગોપીપુરાના છીપવાડમાં 12 જરીના વેપારીઓ જુગાર રમતા પકડાયા

**રોકડ**, મોબાઇલ અને વાહનો મળી રૂ.8.43 લાખનો મુદ્દામાલ જપ્ત

સુરતઃ અઠવાલાઈન્સ પોલીસની ટીમે ગોપીપુરાના મોટી છીપવાડમાં ચાલી રહેલા જુગારધામ પર દરોડો પાડી મકાન માલિક સહિત 12 જુગારીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ, મોબાઈલ ફોન અને ટુ-વ્હીલર સહિત કુલ રૂ.8.43 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા તમામ જરીના વેપારી સાથે સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે.

ગોપીપુરા મોટી છીપવાડ ખાતે આવેલા એક મકાનના ચોથા માળે ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમાઇ રહ્યો હોવાની બાતમીના આધારે અઠવાલાઈન્સ પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે મકાનમાં પ્રવેશ કરતાં મકાન માલિક મનીષકુમાર ડાહ્યાભાઈ રાણા સહિત 12 જણ ગોળ કુંડાળું વળી પાના વડે જુગાર રમતા મળી આવ્યાં હતાં. પોલીસે તમામને ઝડપી પાડી અંગઝડતી લેતાં રૂ. 2.67 લાખની રોકડ મળી હતી. જ્યારે જુગારના દાવ પર મુકાયેલી રૂ. 12,350ની રોકડ પણ મળી આવી હતી. આ ઉપરાંત પોલીસે 13 મોબાઈલ ફોન, જેની કિંમત રૂ. 2.14 લાખ, તેમજ આઠ ટુ-વ્હીલર, જેની કિંમત રૂ. 3.50 લાખ હોવાનું પોલીસે જણાવ્યું છે. આમ કુલ રૂ. 8,43,680નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

### જુગાર રમતા પકડાયેલા આરોપી

- મનીષકુમાર ડાહ્યાભાઇ રાણા (ઉં.વ.૪૭, મોટી છીપવાડ, ગોપીપુરા)
- મનીષભાઇ કાંતીલાલ જરીવાલા (ઉં.વ.૪૩, સંઘાડીયાડ, ગોપીપુરા)
- જગદીશકુમાર મનહરલાલ રાણા (ઉં.વ.૪૯, ક્ષેત્રપાલ શેરી, વાડી ફળિયા)
- સુરેશચંદ્ર રતીલાલ રાણા (ઉં.વ.૪૮, ક્ષેત્રપાલ શેરી, વાડી ફળિયા)
- જયેશકુમાર રમેશચંદ્ર ચલકવાલા (રાણા) (ઉં.વ.૪૬, ઇન્દરપુરા, ખત્રીવાડ, સલાબતપુરા)
- શૈલેષ હસમુખભાઇ રાણા (ઉં.વ.૪૫, રહે., ગીરધરલાલજીનો ખાંચો, ગાયવાલા ટેકરા પાસે)
- મનોજ કંચનલાલ જરીવાલા (ઉં.વ.૪૫, માણેક ભવન, મોટી છીપવાડ, ગોપીપુરા)
- ભદ્રેશ ઉર્ફે નીતીન દલીચંદ્ર જરીવાલા (ઉં.વ.૪૬, પુષ્પાનગર સોસાયટી-૧, ભાઠેના)
- રમેશચંદ્ર કંચનલાલ રાણા (ઉં.વ.૫૦, પુષ્પાનગર સોસાયટી-૧ ભાઠેના)
- ભરતકુમાર ડાહ્યાભાઇ રાણા (ઉં.વ.૫૮, અંબાનગર સોસાયટી, ખટોદરા)
- રાજેશકુમાર રણછોડદાસ રાણા (ઉં.વ.૫૧, માધવનગર સોસાયટી, ગોડાદરા)
- હેમંતલાલ મોહનલાલ રાણા (ઉં.વ.૫૯, પુષ્પાનગર સોસાયટી-૧, ભાઠેના)




## રુદ્રાક્ષ આકારના સ્વયંભૂ શિવલિંગનું રૂંઢનાથ મહાદેવ મંદિર

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ ડુમસ રોડ પર મગદલ્લા વિસ્તારમાં આવેલું રૂંઢનાથ મહાદેવ મંદિર શિવભક્તો માટે આસ્થાનું પાવન કેન્દ્ર બન્યું છે.લોકવાયકા મુજબ આશરે ૪૦૦થી ૭૦૦ વર્ષ પહેલાં તાપી નદીના કિનારે સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થયું હતું. શિવલિંગનો આકાર એકમુખી રુદ્રાક્ષ જેવો હોવાથી તેને મૂળ રૂપે ‘રુદ્રનાથ મહાદેવ’ તરીકે ઓળખવામાં આવતું હતું, જે સમય જતાં અપભ્રંશ થઈ ‘રૂંઢનાથ મહાદેવ’ નામે પ્રચલિત થયું. પ્રકૃતિના ખોળે વાસ્તુશાસ્ત્રના નિયમો ને અનુરૂપ મંદિરની રચના કરવામાં આવી છે. શ્રાવણ માસ અને મહાશિવરાત્રી દરમિયાન અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટે છે. ભસ્મ આરતી અને વિશેષ શૃંગાર દર્શન પણ આ મંદિરની આગવી વિશેષતા છે.

## ઉત્રાણના ઉમરા ગામમાં કેન્સરની બીમારીથી કંટાળીને યુવકે આપઘાત કર્યો

સુરતઃ ઉત્રાણના ઉમરા ગામમાં યુવકે કેન્સરની બીમારીથી કંટાળી ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના મેસવાણા ગામના વતની રજનીકાંત લાલજીભાઈ રાબડીયા (39 વર્ષ) હાલ ઉત્રાણ વિસ્તારમાં આવેલ ઉમરા ગામની રાજનંદની સોસાયટી વિભાગ-3માં રહેતા હતા અને વોચમેનની નોકરી કરતા હતા. રજનીકાંત છેલ્લા ચાર વર્ષથી કેન્સરની બીમારીથી પીડાતા હતા. જે બીમારીથી કંટાળી કાલે સવારે રજનીકાંતે ઘરમાં પંખા સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

## ઉદવાડા હાઇવે પરથી લિસ્ટેડ બુટલેગર મેહુલ પટેલ ઝડપાયો

સુરતઃ લાંબા સમયથી ફરાર બુટલેગરને ઉદવાડાથી ઝડપી પાડવામાં સુરત પોલીસને સફળતા મળી છે. ઝોન-7ની એલ.સી.બી ટીમના એ.એસ.આઈ. પ્રભાતસિંહ જશુભા, હેડ કોન્સ્ટેબલ દિલીપ જયંતીભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ રાહુલકુમાર રૂપાભાઈને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે જાણવા મળ્યું હતું કે કીમ પોલીસ સ્ટેશન અને ગીર ગઢડા પોલીસ સ્ટેશનના દારૂના ગુનાઓમાં નાસતો-ફરતો લિસ્ટેડ બુટલેગર મેહુલ મનહરભાઈ પટેલ દમણ અને વાપી વિસ્તારની આસપાસ ફરી રહ્યો છે. જેના આધારે મેહુલ મનહરભાઈ પટેલ (ઉ.વ. આશરે ૩૩, રહે. નિશાળ ફળિયું, શિવશક્તિ સાંઈ મંદિર પાસે, આડમોર ગામ, તા. ઓલપાડ, જી. સુરત)ને સફળતાપૂર્વક ઝડપી લીધો હતો.

# અલથાણમાં સોલાર સાફ કરતાં તબીબ ટેરેસ પરથી પટકાઈ ઝાડીમાં ફસાયા

**બાજુના** પ્લોટમાં પટકાતા ફાયર બ્રિગેડે લોક તોડી રેસ્ક્યૂ કર્યું



સુરતઃ અલથાણના પુરુષોત્તમ નગરમાં આજે સવારે સોલાર પેનલની સફાઈ કરવા માટે બંગલાની ટેરેસ પર ચડેલા એક તબીબનું અચાનક સંતુલન ગુમાવતા નીચે પટકાતા હતા.

ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ, અલથાણના પુરુષોત્તમ નગરમાં રહેતા આશરે 35થી 40 વર્ષીય તબીબ સ્નેહલ મહાલા આજે સવારે પોતાના બંગલાની બીજા માળની ટેરેસ ઉપર સોલાર પેનલની સાફ-સફાઈ કરવા માટે ગયા હતા. દરમિયાન અચાનક તેમનું સંતુલન ખોરવાતા ટેરેસ પરથી નીચે પટકાયા હતા. બંગલાની બાજુમાં આવેલા એક કોમન પ્લોટને તેના માલિકે ચારેય બાજુથી પતરાના શેડથી કોર્ડન કરી રાખ્યો હતો. પ્લોટના મુખ્ય પ્રવેશદ્વારને પણ લોક મારી દેવામાં આવ્યું હોવાથી તબીબ નીચે પટકાયા બાદ બહાર નીકળી શક્યા નહોતા. તેઓ ઝાડી-ઝાંખરામાં ફસાઈ જતાં ઈજાગ્રસ્ત હાલતમાં મદદ માટે બૂમો પાડી રહ્યા હતા. સ્થાનિકોએ સમગ્ર ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા ભેસ્તાન ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર કર્મચારીઓએ ગેટ પર લગાવવામાં આવેલું લોક તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ફાયર બ્રિગેડની ટીમે ઝાડી-ઝાંખરામાં ફસાયેલા તબીબને રેસ્ક્યૂ કરી સ્ટ્રેચર મારફતે બંગલાની બહાર લાવ્યા હતા. ઈજાગ્રસ્ત તબીબને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## ઝઘડો થતાં પત્ની સાળાને ત્યાં ચાલી જતાં શ્રમિકે ફાંસો ખાઈ લીધો

સુરતઃ સચિન જીઆઈડીસીમાં પત્ની સાથે ઝગડો થતા ભાઈને ત્યાં ચાલી જતા યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પ્રેમ લગ્નના સાત મહિનામાં જ યુવકે આપઘાત કરી લીધો હતો. પત્ની ભાઈને લઈને પરત રૂમ પર આવી તો પતિ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની નીતિન સંજયભાઈ ચમાર (18 વર્ષ) હાલ સચિન જીઆઇડીસી બરફ ફેક્ટરી સ્થિત સંધ્યા પાર્કમાં રહી છૂટક મજૂરી કરે છે. તેના સાતેક મહિના પહેલા પ્રેમ લગ્ન થયા હતા. તેના પિતાનું દોઢ વર્ષ પહેલા અવસાન થયું હતું. તેની માતા ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કાલે મધરાત્રે નીતિને ઘરે પંખા સાથે કપડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. નીતિનનો મધરાત્રે તેની પત્ની સાથે કોઈક બાબતે ઝગડો થયો હતો.

# પુણામાં ચીટર ગોલ્ડ લોનના રૂપિયા અને સોનુ બંને લઇ ગયો

**મુથૂટ** મનીના બ્રાંચ મેનેજર સાથે ફ્રોડ ગોલ્ડ લોન ટ્રાન્સફરના નામે રૂ. ૨૨.૩૯ લાખની ઠગાઈ

સુરત:પુણાગામ વિસ્તારમાં આવેલી મુથૂટ મની લિમિટેડ ગોલ્ડ લોન ફાઇનાન્સ કંપનીના બ્રાંચ મેનેજરને ગોલ્ડ લોન ટ્રાન્સફર કરાવી આપવાની જાળમાં ફસાવી રૂ. ૨૨.૩૯ લાખ ચાઉં કરી જવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. લોનનો વ્યાજદર ઓછો મેળવવાની લાલચ આપી ભરોસો કેળવ્યા બાદ અન્ય બેંકમાંથી નાણાં ઉપાડી ભાગી છૂટેલા ઠગ વિરુદ્ધ પુણા પોલીસ સ્ટેશનમાં ગુનાહિત છેતરપિંડીની ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પુણાગામ સીતાનગર ચોકડી પાસે અજમલ પેલેસમાં આવેલી મુથૂટ મની લિમિટેડ બ્રાંચના મેનેજર પારસ પરેશભાઈ અગ્રાવત (રહે. રણુજાધામ સોસાયટી, સીતાનગર, પુણાગામ) પાસે ગત જુલાઈ મહિનામાં અશોકભાઈ માધાભાઈ માંડણકા (રહે. ઘર નં.૮૨, સમજુબા પાર્ક સોસાયટી, પુણા તળાવ પાસે, પુણાગામ) નામનો શખ્સ આવ્યો હતો. તેણે તેની રૂ. ૨૨.૩૯ લાખની ગોલ્ડ લોન મુથૂટ ફિનકોર્પ સરથાણા બ્રાંચમાં વાર્ષિક ૧૨.૯૯ % ના ઊંચા વ્યાજદરે ચાલતી હોવાનું જણાવી જો ઓછો વ્યાજદર મળે તો લોન ટ્રાન્સફર કરાવવાની ઈચ્છા દર્શાવી હતી. જેથી તેમણે સહ-કર્મચારી મિતુલ ટાંક સાથે વાર્ષિક ૧૧.૯૦ % લેખે લોન થઈ શકશે તેમ જણાવતાં અશોક માંડણકાએ કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ત્યારબાદ મેઈન બ્રાંચમાંથી લોન મંજૂર થતાં મુથૂટ મનીના એસબીઆઈ બેંક ખાતામાંથી અશોકના ઈન્ડસઈન્ડ બેંક ખાતામાં રૂ. ૨૨.૩૯ લાખ આરટીજીએસ મારફતે ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. નાણાં જમા થયા બાદ મેનેજર પારસભાઈ આરોપી અશોકને લઈ સરથાણા સ્થિત મુથૂટ ફિનકોર્પ બ્રાંચે જૂની લોનના નાણાં ભરી સોનું છોડાવવા ગયા હતા. આરોપીએ પારસભાઈને નીચે ઊભા રાખી “હું હમણાં જ લોન ભરી ગોલ્ડ લઈને આવું છું” તેમ કહી ઓફિસમાં ગયો હતો. બે-ત્રણ કલાક સુધી તે પરત ન આવતાં શાખામાં તપાસ કરતા આરોપી ત્યાંથી છટકી ગયો હોવાનું માલૂમ પડ્યું હતું.શંકા જતાં મેનેજરે બેંકમાં તપાસ કરાવતા માલૂમ પડ્યું હતું કે આરોપી અશોકે પોતાના ઈન્ડસઈન્ડ બેંક એકાઉન્ટમાંથી તમામ રૂ. ૨૨.૩૯ લાખ અન્યત્ર ટ્રાન્સફર કરી ઉપાડી લીધા હતા.

## સાતમી પર્યુષણ વ્યાખ્યાન માળાનું સફળતાપૂર્વક સમાપન થયું



સુરત : વીરમતિબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત પ્રેરિત તથા પુરસ્કૃત Better Life - ‘સ્વપ્ન’, ભદ્રેશ શાહ ફાઉન્ડેશન અને સુરત જૈન યુવક મંડળના ઉપક્રમે છેલ્લા સાત વર્ષથી આયોજિત પર્યુષણ વ્યાખ્યાન માળાની આઠમી કડીનું શનિવારે આઠમા દિવસે સફળતાપૂર્વક સમાપન થયું હતું.

વ્યાખ્યાન માળાના પંદરમા સેશનમાં મુંબઈના જાણીતા જૈન સ્કોલર ડો. બિપિનભાઈ દોશીએ ‘Applied Jainism’ વિષય પર ઉપવાસ, તંદુરસ્તી અને ડાયેટ અંગે અત્યંત રસપ્રદ તથા માહિતીસભર પ્રવચન પ્રેઝન્ટેશન સાથે કર્યું હતું. ત્યારબાદ સોળમા અને અંતિમ સેશનમાં ‘સાંપ્રત સમસ્યાઓ અને તેના સમાધાન’ વિષય પર ઓપન હાઉસ ચર્ચા યોજાઈ હતી, જેમાં દેશ-વિદેશના શ્રોતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ચર્ચાની શરૂઆત કરતાં વ્યાખ્યાન માળાના દ્રષ્ટા અને આયોજક ભદ્રેશભાઈ શાહે જૈન સમાજની સતત ઘટતી વસ્તીને સમાજનો ‘નંબર વન પ્રશ્ન’ ગણાવ્યો હતો.

**જુનિયર ફાર્માસિસ્ટની પરીક્ષામાં કરંટ અફેર્સનો દબદબો**

# પોલીસના ‘ઓપરેશન મ્યૂલ હન્ટ’થી લઈને દવા સલામતી સુધીના સવાલો

**SMCની** સ્ટોર કીપર કમ ક્લાર્ક (જુનિયર ફાર્માસિસ્ટ) પરીક્ષામાં ફાર્મસીના 60 ટકા પ્રશ્નો પૂછાયા

સુરતઃ સુરત મનપા દ્વારા સ્ટોર કીપર કમ ક્લાર્ક (જુનિયર ફાર્માસિસ્ટ)ની ભરતી માટે યોજાયેલી પરીક્ષામાં ફાર્મસીના મૂળભૂત જ્ઞાન સાથે ઉમેદવારોની દર્દીની સલામતી, દવાના વ્યવહારુ ઉપયોગ અને તાજેતરના કરંટ અફેર્સ અંગેની સમજ ચકાસતા પ્રશ્નોને વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું. ફાર્મસીના 60 ટકા પ્રશ્નો હતા, જ્યારે સામાન્ય જ્ઞાન-કરંટ અફેર્સના 20 ટકા, કમ્પ્યુટર અને અંગ્રેજીના 10-10 ટકા પ્રશ્નો પૂછાયા હતા.

### કરંટ અફેર્સમાં ગુજરાત પોલીસનું ‘મ્યૂલ હન્ટ’ ચર્ચામાં રહ્યું

સાયબર ફ્રોડમાં અન્ય વ્યક્તિના બેંક ખાતાનો ઉપયોગ ગેરકાયદેસર રીતે નાણાંની હેરફેર માટે કરવામાં આવે છે. આવા ખાતાઓને સામાન્ય રીતે ‘મ્યૂલ એકાઉન્ટ’તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાત પોલીસ દ્વારા આવા ખાતાઓ સામે હાથ ધરાયેલા અભિયાનને પરીક્ષામાં કરંટ અફેર્સના પ્રશ્ન તરીકે સ્થાન મળ્યું હતું. .

### કમ્પ્યુટર અને અંગ્રેજી વિભાગ પ્રમાણમાં સરળ

પેપરના કમ્પ્યુટર અને અંગ્રેજી વિભાગના પ્રશ્નો પ્રમાણમાં સીધા રહ્યા હતા. બંને વિભાગમાં ઉમેદવારોને મૂળભૂત જ્ઞાનના આધારે પ્રશ્નો ઉકેલવાની તક મળી હતી. જ્યારે સામાન્ય જ્ઞાન-કરંટ અફેર્સના પ્રશ્નોમાં તાજેતરની ઘટનાઓથી અપડેટ રહેતા ઉમેદવારોને લાભ મળ્યો હતો.

### 3780માંથી 2064 ઉમેદવાર જ પરીક્ષામાં બેઠા

પરીક્ષા માટે કુલ 3780 ઉમેદવારો નોંધાયા હતા, જેમાંથી 2064 ઉમેદવારો હાજર રહ્યા, જ્યારે 1716 ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. એટલે કે કુલ નોંધાયેલા ઉમેદવારોમાંથી માત્ર 54.60 ટકા ઉમેદવારોએ પરીક્ષા આપી, જ્યારે 45.40 ટકા ઉમેદવારો પરીક્ષાથી દૂર રહ્યા હતા.

# વડાપ્રધાનના જન્મદિવસે 7600 ગણેશ મંડપોમાં મહાઆરતી

**હોસ્પિટલથી** હોટલ-રેસ્ટોરન્ટ અને બજારો સુધી 5થી 76 ટકા સુધીનું 2400થી વધુ વેપારીઓનું ડીસ્કાઉન્ટ




સુરત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સુરત (પશ્ચિમ) વિધાનસભા ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને સુરત (પશ્ચિમ)ના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ પત્રકાર પરિષદ યોજીને કાર્યક્રમોની વિગતો જાહેર કરી હતી. પૂર્ણેશ મોદીએ જણાવ્યું હતું કે, 17 સપ્ટેમ્બરે સમગ્ર સુરતમાં 7600થી વધુ ગણેશ મંડપોમાં અને મંદિરોમાં વડાપ્રધાન મોદીના દીર્ઘાયુ માટે સામૂહિક મહાઆરતીનું આયોજન કરાયું છે. સાંજે 6થી 10 વાગ્યા દરમિયાન યોજાનારી આ મહાઆરતીમાં લાખો લોકો જોડાશે. જન્મદિવસની ઉજવણીને લોકો સાથે જોડવા માટે સુરતના 2400થી વધુ વેપારીઓ અને સંસ્થાઓએ વિવિધ ડિસ્કાઉન્ટ જાહેર કર્યા છે. હોસ્પિટલ, મેડિકલ સ્ટોર, હોટલ-રેસ્ટોરન્ટ, શાકભાજી માર્કેટ, બેકરી, મીઠાઈ અને ગારમેન્ટ સહિતના વ્યવસાયોમાં 5થી 76 ટકા સુધીની રાહત આપવામાં આવશે. આ ઓફરનો ત્રણ લાખથી વધુ લોકો લાભ લે તેવી શક્યતા છે. શહેરની 50થી વધુ હોસ્પિટલોમાં ઓપીડી, પેથોલોજી અને દવાઓમાં ડિસ્કાઉન્ટ તેમજ 200થી વધુ મેડિકલ સ્ટોરમાં 10થી 20 ટકા સુધીની રાહત મળશે.

# સેગવા ગામે સહકારી ક્ષેત્રના નવયુક્ત સુકાનીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

છાપરાભાઠા ઝોનમાંથી પ્રથમ વખત ડિરેક્ટર અને સાયણ સુગરના ઉપપ્રમુખ બનેલા જતીન પટેલનું ગ્રામજનોએ ભવ્ય સન્માન કર્યું



સુરતઃ ઓલપાડ તાલુકાના સેગવા સ્યાદલા ગામે ૫ સપ્ટેમ્બર સાંજે સહકારી અને રાજકીય ક્ષેત્રે ઉચ્ચ પદો પર નિયુક્ત થયેલા આગેવાનોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. સાયણ સુગરના નવનિર્વાચિત ઉપપ્રમુખ જતીન પટેલની ઐતિહાસિક જીતથી છાપરાભાઠા ઝોનમાં ઉત્સાહ જોવા મળ્યો. આ સિવાય સાયણ સુગરના પ્રમુખ, એ.પી.એમ.સી.ના ચેરમેન તેમજ સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષના સન્માન અર્થે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારે જનમેદની ઉમટી હતી.

આ પ્રસંગે સાયણ સુગરના નવનિર્વાચિત ચેરમેન કેતન પટેલ, ઉપપ્રમુખ જતીન પટેલ, એ.પી. એમ.સી.ના ચેરમેન અંકુર પટેલ તેમજ સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલનું ગ્રામજનો અને સહકારી અગ્રણીઓ દ્વારા સાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ આપીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ચૂંટણી અને સન્માન સમારોહમાં સાયણ સુગરના નવયુક્ત ઉપપ્રમુખ જતીન પટેલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. છાપરાભાઠા ઝોનમાંથી ઇતિહાસમાં પ્રથમ વખત ડિરેક્ટર તરીકે ચૂંટાવાનું બહુમાન મેળવ્યા બાદ, તેઓ સાયણ સુગરના ઉપપ્રમુખ પદે નિયુક્ત થતાં સમગ્ર છાપરાભાઠા ઝોનના સભાસદોમાં ભારે આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે. આ ભવ્ય સન્માન સમારોહમાં કામરેજ સુગરના ડિરેક્ટર વિરલ પટેલ, સાયણ સુગરના ડિરેક્ટર ગિરીશભાઈ સુરતી, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટર રાજુભાઈ ડેપ્યુટી તેમજ વિજયભાઈ ભાટિયા અને ઓલપાડ તાલુકા પંચાયત શાસકપણ નેતા કીરીટભાઈ માસ્ટર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ નવનિર્વાચિત પદાધિકારીઓને તેમની આગામી સફળ ઇનિંગ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### કડવા પાટીદાર સમાજનું વધાર્યું ગૌરવ

કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ જણાવ્યું હતું કે, જતીન પટેલ, અંકુર પટેલ, બ્રિજેશ પટેલ, રાજુ ડેપ્યુટી અને વિરલ પટેલ જેવા પાયાના અને નિષ્ઠાવાન કાર્યકરોએ ઉચ્ચ હોદ્દાઓ પ્રાપ્ત કરીને સમગ્ર કડવા પાટીદાર સમાજનું ગૌરવ સમગ્ર જિલ્લામાં વધાર્યું છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સેગવા ગ્રામજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ‘અબ નહીં બચોગે, તેરે ઘર ઔર ઓફિસ કો બોમ્બ સે ઉડાનેવાલે હૈ’

**વિશ્વ** સનાતન સંઘના રાષ્ટ્રીય પ્રચારકની ઘર-ઓફિસને ઉડાવી દેવાની ધમકી

સુરત : સુરતમાં અવારનવાર વિવાદો અને સુરક્ષાના કારણોસર ચર્ચામાં રહેતા વિશ્વ સનાતન સંઘના રાષ્ટ્રીય પ્રચારક અને ઉપદેશ રાણા યુદ્ધ ઓર્ગેનાઈઝેશન સંગઠનના અધ્યક્ષ ઉપદેશ સંગમ રાણાને ફરી એકવાર ઘર ઓફિસ ઉડાવી જાનથી મારી નાખવાની ધમકી મળતા ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, ગોડાદરા ખાતે આવેલા સારથી એવન્યુમાં રહેતા ઉપદેશ રાણાને ગત તારીખ 5 સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે 1:36 વાગ્યાના સુમારે એક અજાણ્યા નંબર (+91 9954416840) પરથી વોટ્સએપ પર ઉશ્કેરણીજનક અને ધમકીભર્યો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ બીજા દિવસે સવારે 10:22 વાગ્યાના અરસામાં એ જ નંબર પરથી વોટ્સએપ ઓડિયો કોલ આવ્યો હતો. કોલ રિસીવ કરતા જ અજાણ્યા ઈસમે અબ તો નહીં બચ પાએગા, હમ તેરે નજીક હૈ, તેરે ઘર ઓર ઓફિસ મેં બોમ્બ લગાકર ઉડાને વાલે હૈ તેમ કહી ધમકી આપી હતી. ભૂતકાળમાં મળેલી ધમકીઓને ધ્યાને રાખીને ગુજરાત સરકાર દ્વારા ઉપદેશ રાણાને ‘X’ કેટેગરીની ગાર્ડ સુરક્ષા આપવામાં આવેલી છે. જેથી તેમણે તાત્કાલિક પોતાનો ફોન ડ્યુટી પર તેનાત સુરક્ષા ગાર્ડના પોલીસ કર્મચારીને આપ્યો હતો. અજાણ્યા ઈસમે પોલીસ કર્મચારી સાથેની વાતચીતમાં પણ ઉપદેશ કો બોમ્બ સે ઉડા દેંગે કહીને ફોન કાપી નાખ્યો હતો. આ અંગે ઉપદેશ રાણાએ ગોડાદરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા નંબરધારક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ગોડાદરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ ચિરાગકુમાર બાબુલાલ પરમારને સોંપી છે.

## અનેક પડકાર વચ્ચે આજે નવા મનપા કમિશનર ચાર્જ સંભાળશે

સુરતઃ સુરત મનપાના કમિશનર એમ.નાગરાજનની બદલીના 18 દિવસ બાદ સરકારે નિયુકત કરેલા નવા કમિશનર રાજકુમાર બેનીવાલ સોમવારે સવારે 10.30 કલાકે સુરત મનપાની ધુરા સંભાળશે. શાસકોની અનિર્ણાયકતા, ખાડીપૂર અને નાસીર નગર તેમજ હોટફીક્સ વેસ્ટ મુદ્દે વગોવાયેલા વહીવટીતંત્રના તળીયે ગયેલા આત્મવિશ્વાસ અને ઘણા વરસો બાદ વિકાસ કામોની ગતિમાં દેખાયેલી અભૂતપૂર્વ સુસ્તિના પડકારોનો ચક્રવ્યુહ ભેદવાનો પડકાર નવા કમિશનર સામે ઊભો છે. છેલ્લા ઘણા વરસોથી સુરત મનપામાં વિકાસ કામોના નવા નવા વિક્રમ થતાં રહ્યા છે. જે ગત નાણાકીય વર્ષમાં થોડો ઝાંખો પડ્યો હતો. તેમાં પણ ચાલુ નાણાકીય વર્ષમાં તો વિકાસ કામોની ગતિ ક્યારેય ના હોય તેટલી મંદ પડી ગયેલી જોવા મળી છે. ત્યારે 11000 કરોડના બજેટમાં 4000 કરોડના વિકાસ કામોનો લક્ષ્યાંક આ વખતે મનપાના તંત્ર માટો અશક્ય માનવામાં આવી રહ્યો છે.

# ૨૦૪૭ સુધીમાં વૈશ્વિક નેતૃત્વ ધરાવતા સમૃદ્ધ ભારતનું નિર્માણ કરી શકીશું



**કેન્દ્રીય** શ્રમ- રોજગાર મંત્રી ડો.મનસુખભાઇ માંડવિયાની અધ્યક્ષતામાં ‘વિકસિત ભારત સંવાદ’ યોજાયો

સુરતઃ કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયાની અધ્યક્ષતામાં કામરેજ રોડ, વાલક પાટીયા સ્થિત જમનાબા વિદ્યાર્થી ભવનના કેશુભાઈ પટેલ ઓડિટોરિયમ ખાતે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા ‘વિકસિત ભારત સંવાદ’ યોજાયો હતો. મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયાએ ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું કે, ‘વિકસિત ભારત-૨૦૪૭’ એ માત્ર એક વિઝન નહીં, પરંતુ ભારતને વિશ્વની અગ્રણી અને વિકસિત અર્થવ્યવસ્થા તરીકે સ્થાપિત કરવાનો રાષ્ટ્રીય સંકલ્પ છે. આ પ્રસંગે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, વિકસિત ભારતનું સ્વપ્ન ત્યારે જ સાકાર થશે જ્યારે દેશનો દરેક નાગરિક સ્વસ્થ, સશક્ત અને સુરક્ષિત હશે. આ પ્રસંગે ધારાસભ્ય સર્વ કાંતિભાઈ બલર, પ્રવિણભાઈ ઘોઘારી, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોકભાઈ જીરા, સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ કાનજીભાઈ ભાલાળા, કાંતિલાલ ભંડેરી, હરિભાઈ કથીરિયા, સુરેશભાઈ પટેલ, ધીરૂભાઈ વી. માલવિયા સહિત મોટી સંખ્યામાં ઉદ્યોગપતિઓ, અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.